

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*સમાજ નામે થયા નેતા, આબરૂ કાંકરા થાય છે!*
*રહે ન ઘર કે ઘાટના ધોબીનાં કૂતરા થાય છે!*
*છોકરાં સમજી ખંધા નેતાઓ કરે છે હડધૂત -*
*ને ચૂસાઈ ગયા પછી કસ, 'કેરી' છોકરાં થાય છે!*
(ગાતિ-જાતિ-સમાજના નામે રાજકારણે ઘૂસ્યા ને બેહાલ થયા)

હાઈકુ

*કરે છે વ્યક્ત -*
*'હાર્દિક' - દિલગીરી -*
*'કચરા-પેટી...'*
*('અલ્પ'જીવી નેતા)*

*છે ક્ષણજીવી*
*મખમલી જીવડું -*
*વર્ષાદી - મામા !*
*(મીંનો મામો - (કચ્છ)*

### ચિંતન

*યાવત સ્વસ્થમિદમ દેહમ યાવત મૃત્યુશ્ચ દૂરતઃ ।*
*તાવત આત્મહિતમ્ કુર્યાત પ્રાણાન્ત કિંકરીષ્યતિ ॥*

ઉપરોક્ત શ્લોક પતંજલિ યોગસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

જ્યાં સુધી શરીર સ્વસ્થ છે ત્યાં સુધી મૃત્યુ દૂર છે ત્યાં સુધીમાં આત્મ કલ્યાણ કરી લેવું જોઈએ. પ્રાણ ગયા પછી શું કરી શકાય?

મનુષ્યને જે ગમતું નથી અને છતાં પણ જે કોઈ પણ આગોતરી જાણ વિના આવીને પોતામાં સમાવી લે છે તેનું નામ મૃત્યુ. આથી જ સમય વર્તે સાવધાન થઈને તમારા ધર્મને પૂરું માન આપી, જૈન નવકાર મંત્ર હિન્દુ નવધા ભક્તિ અને મુસ્લિમ અધક રે ને સાંસારિક જીવન જીવે તે સ્વસ્થ્ય રીતે દુઃખ વગર મૃત્યુને જીતી શકે.

એક નાનકડી વાત નાના બાળક પાસેતી શીખવા જેવી એ છે કે બાળક હંમેશા ખુશનુમા હોય છે, કારણ કે કે ભૂતકાળને યાદ કરતું નથી ભવિષ્યની ચિંતા કરતું નથી અને વર્તમાનમાં આનંદ કરે છે.

### સુવિચાર

- ઈન્દ્રિયો જેને વશ છે અને કલ્યાણકારી કામોમાં જે થાકતી નથી તે તેનો સાચો વૈભવ છે - **બૌધિવૃક્ષ**
- ઉપરવાલા મૌજ મેં આયે તો 'સરતાજ' બના દેતા હૈ,
  ઔર જરા સી નજર ફેર લે તો 'મોહતાજ' બના દેતા હૈ - **સુફિનામા**
- જીભને સ્વાધિન રાખનારા જીવનને પણ સ્વાધિન રીખે છે - **ધૂમકેતુ**
- એકાંત સમયે જયારે મનની ભાવનાઓ શાંત હોય છે,
  ત્યારે તમે તમારી અંદર બુદ્ધિનો ભંડાર ભરી લ્યો - **આર્થર મોર્ગન**
- હિસાબોમાં કાચા છીએ એવું નથી સાહેબ,
  પણ સંબંધોમાં ગણતરીઓ સારી ના લાગે - **કૃષ્ણકાન્ત**
- જે ચિત્તની શુદ્ધિ ન કરે, મન અને ઈન્દ્રિયોને વશમાં રાખતા ન શીખવે,
  તે કેળવણી અધૂરી છે - **ગાંધીજી**
- આજનું ઔષધ : રાત્રે પા ચમચી દિવેલમાં ચપટી સંચળ પાઉડર ચાટવાથી સૂકી ઉધરસ મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક મુમુક્ષુએ બુદ્ધને પ્રશ્ન પૂછ્યો, 'પ્રભુ!! મને આ જગતનો ખેલ સમજાતો નથી. આપ કહો છો કે બધાને મોક્ષ મળી શકે. જો સહુ કોઈને મળતો હોય તો પછી કેમ કોઈનેય પ્રાપ્ત થતો નથી?' બુદ્ધે જવાબમાં કહ્યું, 'તું આ નગરમાં જા અને તપાસ કર કે કોની શી-શી ચાહના છે? દરેક વ્યક્તિ શું મેળવવા મથે છે?' મુમુક્ષુ રાજા પાસે ગયો. રાજાએ કહ્યું, 'બસ રાત-દિવસ મારી એક જ ઈચ્છા છે કે દુશ્મનોનો પરાજય થાય. મારા રાજયને વધુને વધુ વિસ્તાર કરવો. એ જ મારું ધ્યેય. છે.' નગર શેઠને મળ્યો. તો એમણે કહ્યું, 'મારી ચિંતા એ છે કે આ અઢળક ધન કઈ રીતે સાચવવું ? આ ચિંતા માં જ મને અનિદ્રાનો રોગ લાગુ પડ્યો છે.' ગામના યુવાનને પૂછ્યું તો તેણે કહ્યું, 'જીવન નો કોઈ હેતુ ન હોવો જોઈએ. જીવન તો વહેતા ઝરણા જેવું, ઉડતા પંખી જેવું છે. મોજ મજા ઉડાવો એ જ આપણું જીવન' કોઈ રૂપસુંદરીને મળ્યો. તો જવાબ મળ્યો. 'જીવન એટલે જ રૂપની જાળવણી, બીજું વળી શું ?' સાધુ-સંતો ને મળ્યો તો તેઓ મંદિર બંધાવવાના ખર્ચની ચિંતામાં પડ્ય હતા. મુમુક્ષુ પાછો આવ્યો. એણે જોઈ લીધું કે કોઈને યશની ઝંખના છે. કોઈને પદની ચાહના હતી, કોઈ ધન માટે, તો કોઈ વૈભવ માટે વલખાં મારતા હતા. મુમુક્ષુએ બુદ્ધને કહ્યું, 'મન મારા પ્રશ્નનો ઉત્તર મળી ગયો છે.' ત્યારે બુદ્ધે હસીને કહ્યું, 'મોક્ષ તો સહુને મળી શકે છે. મુક્તિ તો છે જ પણ એ તરફ મુખ માંડનારા કયાં છે?'

# પંચમી આવી વસંતની...

ઋતુચક્રમાં શિશિરના ઠંડાગાર - શીતળ વાતાવરણમાં હૂંફાળાં સૂર્યકિરણો અને કોયલનો ટહુકો ભળે ત્યારે સમજવું કે વસંત બેંસી ગઈ છે. આપણો કવિ એનાં વિધ વિધ રીતે ઓવારણાં લે છે. દલપતરામ વસંતને ઋતુરાજ કહી બિરદાવે છે : 'રુડો જુઓ આ ઋતુરાજ આવ્યો / મુકામ તેણે વનમાં જમાવ્યો !' જો કે વસંતનો મુકામ ફક્ત વનમાં સીમિત નથી રહેતો; એ માનવીના મનમાં એન તનમાં બલકે જીવનમાં પણ મુકામ જમાવીને જંપે છે. જયારે એ તન-મન અને જીવનમાં મુકામ જમાવે છે ત્યારે આખી સૃષ્ટિ ગુલાલ ગુલાલ થઈ રહે છે. આપણા પ્રશિષ્ટ કવિ 'કાન્ત'નું 'વસંત વિજય' ખંડકાવ્ય યાદ આવે છે. પાંડુ અને માદ્રી બેઉને પેલા શાપની ખબર તો હતી જ; સમાગમનું દુષ્પરિણામ જાણતાં હોવા છતાં બેઉ વસંત સામે હારી ગયાં. શિવ જેવા શિવ અને વિશ્વામિત્ર જેવા મહા તપસ્વીને પણ વસંત સામે હથિયાર હેઠાં મૂકવાં પડ્યાં હોય ત્યાં સામાન્ય માનવીનો શો હિસાબ? પુષ્પધન્વાને ત્રીજું નેત્ર ખોલી ભસ્મ જરૂર કરી શકાતો હશે, પણ એની સામે એક વાર હાર કબૂલ્યા પછી જ! અને ભસ્મ કરી દીધેલા મનસિજને પણ છેવટે જીવ માત્રના મનમાં વાસ કરવાનું વરદાન આપી દેવાધિદેવ મહાદેવે જ અમરપટો આપી દીધો છે.

**તંત્રીસ્થાનેથી...**

વસંતના આગમનને વધાવતાં ઉમાશંકર જોશી કેવા કોળી ઊઠે છે !

કોકિલ, પંચમ બોલ બોલો
કે પંચમી આવી વસંતની
દખ્ખણના વાયરાનાં આ શાં અડપલાં,
ઊઘડતાં લતાઓનાં યૌવનનાં સપનાં;
- આવ્યો જયાં એક વાયુઝોલો,
કે પંચમી આવી વસંતની...

વસંતના પગરવ સાથે આખી સૃષ્ટિ ઉલ્લાસ અને ઉમળકાથી છલકાઈ ઉઠે છે. વસંત વયને પણ વળોટી જાય છે. સાઠ વર્ષ વટાવી ચૂકેલો દુષ્યંત શિકાર કરવા નીકળે છે અનો હરણની પાછળ પાછળ કણ્વઋષિના આશ્રમમાં પ્રવેશે છે. ત્યાં ઓચિંતી વસંતનો શણગાર સજેલી શકુંતલા સામી મળે છે. શિકાર કરવા નીકળેલો શિકારી પોતે જ શિકાર બની જાય છે. વસંતની અધિષ્ઠાતી સરસ્વતી છે. વસંત પંચમી એ સરસ્વતી પૂજાનું પર્વ છે. પૂર્વ ભારતમાં એનો મહિમા આપણી નવરાત્રીથી ઓછો નથી. સરસ્વતી વસંતનું જ નારી સ્વરુપ છે - એવું મોહક કે ખુદ એના પિતા બ્રહ્મા એના સૌંદર્ય પાછળ ભાન ભૂલીને દોટ મૂકે છે.

કોરોનાના બિહામણા સમયગાળા પછીની આ વસંત નવી આશા અને ઉમંગ લઈને આવી છે. 'વેલેન્ટાઈન ડે' અને 'વસાંત પંચમી' જરા જુદેરા સંદર્ભે એકમેકના પર્યાય જ છે. પ્રેમ કોઈ હાટડીમાં વેચાતી જણસ નથી. પ્રેમ ફક્ત પરણેત્તર સાથે જ થવો જરૂરી નથી. પરણે તો બધાં જ; પ્રેમ કોઈ નસીબવંતાને જ સાંપડે છે. સાચો પ્રેમ મળવો એ નોબેલ પ્રાઈઝ કરતાં પણ ઊંચેરું પારિતોષિક છે. વડાપ્રધાન કે રાષ્ટ્રપતિ બની શકાય પણ વિજાણંદ, મજનૂ કે ઢોલો બનવા માટે કુંડળીમાં ઝગમગતો શુક્ર હોવો જોઈએ. વસંત પર શુક્રનો પ્રભાવ છે. વસંત કુસુમાયુધનો પર્યા છે. એ શાશ્વત પ્રણયગીત ગૂંજતો ભમરો છે - એને એક ફૂલથી સંતોષ થાય એ જરૂરી નથી ! એ શૃંગારની ઋતુ છે. કયારેક વિરહમાં એ જ વસંત કાળઝાળ અંગારા જેવી બની રહે છે. સૂરદાસની ગોપીઓએ કૃષ્ણ વગરની વસંત કેવી આકરી લાગે છે! 'બિનુ ગોપાલ બૈરન ભઈ કુંજેં...તબ યે લતા લગતી અતિ સીતલ, અબ ભઈ વિષમ જવાલ કી પુંજે! ' - ઈચ્છીએ કે વસંત મિલનની જ ઋતુ બની રહે !

# વસંત પંચમીએ મા સરસ્વતીની આરાધના કરીએ...

'તમારી પાસે, તમારી પૂજામાં હોય એ સરસ્વતી માતાની તસ્વીરની એક કોપી મને આપી જજો...' આવું મને લેન્ડલાઈન ફોન પર કહેવાયું.

વાત ૧૯૯૪-૯૫ના વર્ષોની છે, ભાવનગરના એક કાષ્ટકલાના કારીગર, સુંદર કામ કરે, એમનો પરિચય થયો. એમને ખ્યાલ આવ્યો કે મા સરસ્વતીનો આરાધક છું એટલે તેઓએ આ વાક્ય મને કહ્યું હતું. થોડો સમય વીત્યા બાદ ફરી ફોન આવ્યો, એમની ફેકટરી પર મને સજોડે બોલાવ્યો, મા સરસ્વતીની ઘર મંદિરમાં મુકીને પૂજા થાય એવી અપ્રતિમ મૂર્તિ બનાવી, ભાવપૂર્વક અમારી પાસે પૂજા કરાવી અને પછી ભેટમાં આપીને કહ્યું, કે 'દર વર્ષે વસંત પંચમીએ આની પૂજા કરજો ને મને યાદ કરજો...'

વસંત પંચમી આવે એટલે સહજભાવે એમનું સ્મરણ કરું, વંદન કરું ને મૂર્તિની પૂજા પણ કરું. એમના કોઈ એક કાર્યમાં જોડાવાનું મને નિમિત્ત મળ્યું એના આનંદની અભિવ્યક્તિ તેઓએ જે ભેટ આપીને કરી એ અણમોલ ભેટ બની રહી, અઢી દાયકાથી પૂજાની અને પરંપરા નિભાવીને હું પણ સાધનાથી સંવર્ધિત થતો રહ્યો.

મા સરસ્વતીનું એ મિત્ર મને ભેટમાં મળ્યું હતું. તીથલના દરિયા કિનારે રહીને આધ્યાત્મ સાધના કરતા બંધુ ત્રિપુટી પૈકીના પૂજયશ્રી જીનચંદ્ર વિજયજી મહારાજ સાહેબ પાસેથી. એમણે અમને કરાવેલ મંત્ર સાધના, સરસ્વતી સ્વરુપના ભિન્નભિન્ન અર્થ, એની પૂજાનું મહત્વ, મંત્ર જાપનો મહિમા, આસો નવરાત્રિના દિવસોમાં થતી સરસ્વતી આરાધના અને પ્રાર્થનામાં ગવાતી એક પંક્તિએ જીવનમાં શબ્દના - વાણીના અજવાળા પાથર્યા છે.

દેજે દેજે અબુધ શિશુને
તું જ સદ્‌બુદ્ધિ દે જે,
રહેજે રહેજે અમ પર સદા
તું પ્રસન્ન જ રહેજે.

મા સરસ્વતીના ચરણોમાં આ ભાવ વંદના પ્રતિબળ અનુભવાતી રહી છે. મા સરસ્વતીની કૃપાનો અનુભવ સતત થતો રહ્યો છે.

સાંસ્કૃતિક કાર્યક્રમોમાં મા સરસ્વતીની વંદનાના શ્લોક-ભજન અને ફિલ્મી ગીતો ગવાય ત્યારે સૂત્રધાર રૂપે એ રચનાઓના અર્થ અને અર્ક સત્વ અને તત્વ મારા હૃદયમાં વધુ ને વધુ ખુલતા જાય. ઓડિયો - વીડિયો માધ્યમો દ્વારા એ જ ભાવ પ્રસ્તુત થતો ગયો ને શ્રદ્ધા - વિશ્વાસથી સભર થયો ગયો. લોકથી શ્લોક, એ પછી આજના આધુનિક સમયના તમામ ભાષાના કવિઓએ - સર્જકોએ - કલાકારોએ મા સરસ્વતીની વંદના - એનું મહિમાગાન પોતાના શબ્દોમાં કર્યું છે.

ઉપનિષદમાં, પુરાણોમાં અને ધર્મગ્રંથોમાં મા સરસ્વતીના પ્રાગટ્યની અને વસંત પંચમીની કથાઓ વાંચવા મળે છે. ઋગ્વેદમાં મા ભગવતી સરસ્વતીનું વર્ણન કરતા લખાયેલા શ્લોકનો અર્થ છે કે સરસ્વતી એ પરમ ચેતના છે, તે આપણી બુદ્ધિ - પ્રજ્ઞા અને મનોવૃત્તિઓનું રક્ષણ કરે છે.



અજવાળું - અજવાળું
તુષાર જોશી

બુદ્ધિ એટલે સમજ, અક્કલ, અંતઃકરણની વૃત્તિ, માનસિક શક્તિ. કહેવાય છે કે 'બુદ્ધિર્યસ્ય બલંતસ્ય' એટલે કે જેનામાં બુદ્ધિ છે તે બળવાન છે. હવે આ બુદ્ધિ જો અવળા માર્ગે જાય તો આપણને કેટલું નુકશાન થાય અનો અનુભવ દરેકને હોય જ છે, એથી જ મા સરસ્વતી જયારે બુદ્ધિનું રક્ષણ કરે છે ત્યારે વિચાર અને આચારથી ખોટા કામ થતાં નથી. વાણીના દેવી છે સરસ્વતી, એટલે એના આરાધક વિવેક સાથે બોલે છે અને શબ્દોનો સમજીને ઉપયોગ કરે છે.

વ્યવહારિક જગતમાં કયાંક એવું સાંભળ્યું છે કે આપણે એવું બોલવું જે લખીને આપણે એના પર સહી કરી શકીએ.... આ વિવેક આપે છે મા સરસ્વતી.

મા સરસ્વતીનો જન્મ દિવસ છે વસંત પંચમી. શિક્ષણ સાથે, વિદ્યા સાથે, કલાના વિવિધ સ્વરુપો સાથે જોડાયેલા લોકો આ દિવસે સરસ્વતી આરાધના કરે છે. વસંત પંચમી એટલે શુભ કાર્યોના, કોઈ નૂતન સર્જન કે સંકલ્પના આરંભનો દિવસ. વસંત પંચમી એટલે લગ્ન તથા અન્ય શુભકાર્યો માટે વણજોયું મુહુર્ત. વસંત પંચમી એટલે કલમથી કશુંક લખવાનો, ગાવાનો, નૃત્યનો દિવસ. પ્રેમ - પ્રાર્થના અને પ્રસન્નતાનો દિવસ.

પ્રાર્થમિક શાળામાં આપણે રોજીંદી પ્રાર્થના ગાઈએ ત્યારથી આદ્યશક્તિના આ સ્વરુપ સાથેની આપણી લાગણી - શ્રદ્ધા - ભક્તિ જોડાય છે. એ પછી સાંભળેલા કેટકેટલા અને ભજનોના શબ્દો સ્મૃતિપટ પર પડઘાય છે.

વસંતનું સ્વાગત કરીએ, વસંતના વધામણા કરીએ અને વસંત પંચમીએ મા સરસ્વતીની આરાધના કરીએ ત્યારે શૂર-શબ્દના અજવાળા રેલાય છે.

# વિચારયાત્રાના ૧૫ વર્ષ પૂર્ણ : આશરે ૭૦૦થી વધુ લેખ લગભગ ૭ લાખથી વધુ શબ્દો એ ઘડતર કર્યું

૭ ફેબ્રુઆરી, મંગળવાર ૨૦૦૬ને દિવસે ''શબ્દ જ મારે, શબ્દ જ તારે'' એ લેખ 'વિચારયાત્રા'નાં પ્રથમ લેખ તરીકે છપાયો. એ પહેલાં પણ બે-ચાર છૂટાં-છવાયા લેખ ગાંધીનગર સમાચારમાં છપાઈ ચૂક્યા હતા. જહાસાહેબે જ્યારે નિયમિત કટારલેખન માટે આમંત્ર્યો ત્યારે હું મારી ગધા-પચ્ચીસીમાં હતો. આત્મવિશ્વાસની ઉણપ તો નહીં છતાં એ ઉંમરમાં હોય તેવા ઉત્સાહના ભરતી-ઓટ ચાલ્યા કરતા. જહા સાહેબે વિશ્વાસ મૂક્યો અને મને પણ યાત્રાના આરંભની ચુનોતિઓ સામે ઊભા થવાનો આનંદ આવ્યો. કટારનું નામ 'વિચારયાત્રા' રાખવાનું સૂચન પણ જહા સાહેબે જ કર્યુ. તે દિવસથી આજ દિન સુધી પાછું વળીને જોયુ નથી.

૨૦૦૬થી ૨૦૨૧... આજે ૧૬માં વર્ષમાં પ્રવેશ. આ યાત્રાએ ઘણું શીખવ્યું છે. મારી જીવનયાત્રામાં વિચારયાત્રાનો ફાળો અમૂલ્ય છે. વાંચન વધ્યુ. નવા નવા વિચારોને અને દરેક દષ્ટિકોણને તપાસવાનો અભિગમ કેળવાયો. મારા અને તમારા જીવન અને સમાજમાં બનતી ઘટનાઓને તટસ્થ રીતે મૂલ્યાંકન કરીને, વર્તુળમાં હોવા છતાં વર્તુળની બહાર ઊભા રહીને જાતને ઈન્ટ્રોસ્પેક્ટ કરવાનો અભ્યાસ કેળવાયો.

કોઈ પણ સર્જક માટે લખવાની શરત માત્ર એ જ હોવી જોઈએ કે તેને અંદરથી કંઈક વલોવી રહ્યું હોય, કોઈ છટપટાહટ કોઈ અકળ આત્માનંદ પોકારતો હોય, કોઈ પ્રશ્ન પોકાર કરતો હોય ત્યારે જ આ બધી સંવેદનાઓ આપોઆપ શબ્દો બનીને કાગળ પર આવવા લાગે છે. માત્ર ભાષાજ્ઞાન, વિશેષણોના લટકણિયા કે પછી અલગ અલગ સમાસ શીખી જવાથી વિચારયાત્રા સફળ થશે એવું કદી વિચાર્યું નથી, અને વિચારીશ પણ નહીં. કારણકે ભાવક અને વાચક એકવાર તમારી વ્યાકરણની અશુદ્ધિ હોય અથવા તો વાક્યરચના કે જોડણીની અશુદ્ધિ હોય તો સહન કરી લે છે પરંતુ જ્યારે માત્ર લખવાનો શિષ્ટાચાર અને વ્યાપાર ચાલતો હોય એવું રોબોટિક લખાણ સહન કરી શકતો નથી.

જીવનની નાનામાં નાની ક્ષણને તો આપણે બધા જ અનુભવીએ છીએ. અહીં હંમેશા એવો પ્રયત્ન રહ્યો કે તમારા અને મારા વિચારોને યથાર્થ રૂપે રજૂ કરવા. મનના ડૂમાને મનમાં જ દાબી રાખવો. અંતરના આસું અંતરમાં જ ધરબી દેવા અને પછી એ દબાયેલા આંસુને વાદળી શાહી સાથે કાગળ પર ઉતારવાથી તૃપ્તિનો એક અનુભવ થાય છે. તેવી જ રીતે આનંદની કોઈ ક્ષણ, પ્રવાસ દરમિયાન કોઈ અવર્ણનીય સ્થળનો અનુભવને વાચકો સુધી લઈ જઈને મૂર્તિમંત કરવાનો યજ્ઞ કર્યા પછી ફરી વખત ત્યાંની જાણે યાત્રા કરતા હોઈએ તેવો અનુભવ થયો છે.

ખરેખર તો આ કલમને જાણે વાચકોએ જ ઉપાડી લીધી છે. whatsappથી, મેસેજથી, મેલ દ્વારા તેમના જે પ્રતિભાવ સાપડતા રહે છે તે સંજીવન સમાન છે. સ્વાભાવિક રીતે જ દરેક દિવસો સમાન નથી હોતા આ પંદર વર્ષોમાં ઘણી ચડતી પડતી ઉતાર-ચડાવ ઈસ્ટમેન કલરથી લઈને બ્લેક એન્ડ વ્હાઈટ અને ક્યારેક તો સંપૂર્ણ બ્લેક આઉટ થઈ ગયો હોય ત્યારે એવી કપરી ક્ષણોમાં પણ મને સંભાળી લેવા માટે મારા સ્નેહીજનોમાં વિચાયાત્રાનો પણ સમાવેશ થાય છે. વિચાર યાત્રા એક કોલમ માત્ર નથી પરંતુ મારા જીવનનું નિકટતમ પાત્ર છે. તેના હોવાપણાની ઘણી સાખીઓ વીજળીના ઝબકારાની જેમ જીવનમાં ચમત્કાર બતાવી ગઈ છે.



વિચારયાત્રા
ડો. જય ઓઝા

૧૫ વર્ષની અંદર ક્યારે માત્ર આળસના કારણે લેખ ન લખ્યો હોય તેવું બન્યુ નથી. કોઈ અનિવાર્ય સંજોગો ઉપસ્થિત થયા હોય જ્યારે એકાદ વખત ગાળો પડ્યો હશે અન્યથા સાતત્ય સાથે સતત અવિરત લખતા રહેવાની વહેતા રહેવાની શીખ મને વિચારયાત્રાએ આપી છે.

અને સાચું કહું તો આની માટે મુરબ્બી સુરેશભાઈ ભટ્ટની 'સુપ્રભાતમ' કોલમ પણ પ્રેરણા આપનારી બની રહી છે. પ્રતિદિન આટલા વર્ષોથી, આટલી ઉંમર હોવા છતાં માનનીય સુરેશભાઈ સુપ્રભાતમને કદી પણ અટકાવી નથી. આ વાત મારા જેવા નૌસિખીયા માટે ખૂબ પ્રેરણાદાયક છે. મુરબ્બી કૃષ્ણકાંતભાઈ જહાએ માત્ર એક અખબારના તંત્રી જ નહીં પરંતુ માર્ગદર્શ વડીલ બનીને માર્ગ ચિંધતા રહ્યા છે. આ તબક્કે તેમના પણ આશીર્વાદ યાચુ છું.

આ વિચારયાત્રાના આશીર્વાદથી જ ૬ પુસ્તકોમાં આ યાત્રાના શબ્દો ગ્રંથસ્થ થયા છે. જેમાના ૫ પુસ્તકો ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય જેવી વિશ્વસનીય પ્રકાશન સંસ્થા દ્વારા છપાયા છે. જેનો આનંદ છે. આ યાત્રાના સહભાગી એવા વાચકોનો આભાર ન માનવાનો હોય. તમારો તો ઋણાનુબંધ હંમેશ માટે છે. અને માટે જ આભાર માનીને આ ઋણમાંથી છૂટી જવા માગતો નથી.

- jayuoza@gmail.com,
Mo.9898046488

# 'જે જીવાયેલી નથી એ ગઝલ નહીં, ઉપદેશ બની જાય છે...'

એક દિવસ સાંજે ઓફિસથી ઘરે પહોંચીને મારા નિત્યક્રમ મુજબ ડેસ્ક ઉપર પડેલી પોસ્ટ અને કુરિયર જોઈ રહ્યો હતો. મારી નજર એક કુરિયરના પેકેટ ઉપર પડી. આ કુરિયર સર્વસંપન્ન ગૃપ તરફથી આવેલું હતું. કુરીયર જોતા વેંત ઉપલક દ્રષ્ટિએ જ સમજ પડી ગઈ કે, એમા મારા હૃદયને પુલકિત કરે એવી સામગ્રી એટલે પુસ્તકો છે. કુરિયરના કવરમાં ત્રણ પુસ્તકો હતા. ત્રણેય પુસ્તકો હર્ષ બ્રહ્મભટ્ટ લિખિત હતા. આમ તો સર્વસંપન્ન ગૃપના ઉત્કર્ષ પટેલનો મારે કોઈ પ્રત્યક્ષ પરિચય નથી છતાં મનોમન ભાઈ ઉત્કર્ષનો હૃદયપૂર્વક આભાર માન્યો.





ઉત્કર્ષભાઈએ મોકલેલા હર્ષ બ્રહ્મભટ્ટના ત્રણ પુસ્તકો પૈકીનું 'એક અભિન્ન અનુબંધ' ખોલ્યું અને એક બેઠકે એ પુરું કરી નાખ્યુ. હર્ષ બ્રહ્મભટ્ટની પહેચાન એક કવિ અને ગઝલકાર તરીકે મને હતી. ઘણા લોકો હર્ષભાઈને રાજ્ય સરકારના એક વરિષ્ઠ અધિકારી તરીકે જાણે છે, પણ મારા જેવા ઘણા એમને અધિકારી કમ સર્જક વધુ સમજે છે. હર્ષભાઈના અગાઉ નવ ગઝલ-કાવ્ય સંગ્રહ ગુજરાતીમાં અને છ ઉર્દુ અને હિન્દીમાં પ્રગટ થઈ ચૂક્યા છે. પરંતુ 'એક અભિન્ન અનુબંધ' એમની અલગ ઓળખ આપે છે. પુસ્તક વિશે વિગતે વાત કરીએ એ પહેલા સર્જકના કેટલાક અનોખા શેડને સહેલાવવાની ઈચ્છા છે. એ પણ સ્પષ્ટતા કરી દઉ કે હર્ષભાઈ સાથે મારે બહુ ઘનિષ્ટતા નથી વએષે દિવસે કોઈ એકાદ બે પુસ્તકના સંકલન માટે દુરવાણી ઉપર જ વાત થાય. પણ હા, આ વાત બહુ દમદાર થાય, મજેદાર થાય એ ચોક્કસ. આમ તો વિજ્ઞાન વિદ્યાશાખાના વિદ્યાર્થી હર્ષભાઈને શબ્દો અને કલ્પનાના ઘોડે સવારી કરવાનુ બાળપણથી બહુ ગમે. મહેસાણાના મધ્યમ વર્ગીય પરિવારમાં પાંગરેલા આ પુષ્પની શબ્દોની મહેંક પારિજાતના શ્વેત પુષ્પ જેવી મઘમઘે છે.

હર્ષભાઈના પિતા રેલ-વેમાં નોકરી કરતા ત્યારે એ જ્યાં રહેતા તેની આસપાસ મુસ્લિમ પરિવારોની સંખ્યા ઠીક ઠીક હતી. ત્રણ વર્ષની વયથી એ ઉર્દુ શબ્દો સમજવા પ્રયાસ કરતા. ફિલ્મિ ગીતોમાં આવતા ઉર્દુ શબ્દો એ સમજવા રીતસર મથામણ કરતાં. ત્રણ દાયકા સુધી આ વાતાવરણમાં ઉછરેલા હર્ષભાઈની ઉર્દૂ ભાષા ઉપરની પક્કડ દિનપ્રતિદિન વધુ ને વધુ મજબૂત થતી ગઈ. એમણે પહેલી ગઝલ ઉર્દુમાં લખી. જ્યારે એ ગઝલ કોલેજના નોટીસ બોર્ડ ઉપર મૂકવામાં આવી ત્યારે તેમના ગુરુ રાસબિહારીભાઈ દેસાઈએ કહ્યું, 'ગઝલમાં ઉર્દુ ભાષાનો સરસ પ્રયોગ થયો છે. કોઈ ક્ષતી નથી, પરંતુ ગુજરાતીમાં પણ લખવાનો પ્રયાસ કરવો જોઈએ.' જાણે અજાણે ઉર્દુ ભાષા સાથે બંધાયેલા નાતાને વિસ્તારીને હર્ષભાઈએ ગુજરાતીમાં કવિતા-ગઝલો લખવાનું આરંભ્યું.

એકલતાની ભીડમાં, અંદર દીવાદાંડી, મૌનની મહેફીલ, જીવવાનો રીયાઝ, ખુદને ય ક્યાં મળ્યો છું?, ઝાકળ, તડકાની વચ્ચે જેવા એમના કાવ્ય-ગઝલ સંગ્રહો ભાવકોના મનમસ્તિષ્કમાં હંમેશા રમતા હોય છે. કંદીલ, સરગોશી, મેરા અપના આસમાં, ખામોશી હૈ ઈબાદત જેવા હિન્દી-ઉર્દુ ગઝલ સંગ્રહની પ્રસિધ્ધી બાદ હર્ષભાઈની રાષ્ટ્રીય ગઝલકારોમાં વટભેર ગણના થવા લાગી છે. હર્ષભાઈથી વિનોદભાઈ ભટ્ટ વયમાં મોટા પણ એમની આગવી વિનોદશૈલીમાં એ કહેતા કે, 'હર્ષ બ્રહ્મભટ્ટ હું મારાથી એટલા માટે મોટા માનું છું કે, મારું નામ વિનોદ અને એનું હર્ષ. હર્ષ વિનોદથી મોટો જ હોય. વળી હું ભટ્ટ અને હર્ષ બ્રહ્મભટ્ટ, એમ એ રીતે પણ મોટો.'

હર્ષભાઈનો એક મજાનો શેર યાદ આવે છે, 'મારા હૃદયમાં વેદના તેઓ ભરી ગયા, એથી જ શ્વાસ શબ્દનો દરીયો તરી ગયા...' આવા તો ઘાણા યાદગાર શેર હર્ષભાઈની કલમે અવતર્યા છે. એમનો પ્રત્યેક શબ્દ બોલતો હોય છે જાણે 'મા' સરસ્વતીની અસીમ કૃપા એમને સાંપડી ન હોય ! 'એક અભિન્ન અનુબંધ'ના પ્રાગટ્ય સાથે જોડાયેલી એક યોગાનુ યોગ વાત યાદ આવે છે. વર્ષ ૨૦૧૮માં કવિમિત્ર હરદ્વાર ગોસ્વામીએ સર્જક મિત્ર મનિષભાઈ પાઠક આયોજિત 'શબ્દ જ્યોતિ'ના કાર્યક્રમમાં હર્ષભાઈના ફિલ્મી ગીતોના ઊંડા અભ્યાસના સંદર્ભમાં અભિલાષા વ્યક્ત કરી હતી કે, 'હર્ષભાઈની કલમે ફિલ્મી ગીતોની સમજ આપતું એક પુસ્તક બને તો મોજ આવે.' આજે ભાઈ હરદ્વારે અનાયાસે કહેલી વાત સિદ્ધ થઈ છે. અહીં એ પણ ઉલ્લેખ કરવો જોઈએ કે, હર્ષભાઈના ઘણા સર્જનને અરીજીતસિંગ, સોનુ નિગમ, હરીહરન, કવિતા કૃષ્ણમૂર્તિ, અનુપ જલોટા, ઉસ્તાદ રશીદખાન જેવા મખમલી અવાજના મહારાજાઓએ સ્વરબદ્ધ કરી છે.

નાનપણથી હર્ષભાઈને હિન્દી ફિલ્મી ગીતોના સાચા શબ્દો હાથે લખીને સંગ્રહ કરવાનો ગજબનો શોખ. એ જમાનામાં યુ-ટ્યુબ કે ડીવીડી તો ન હતા એટલે રેડિયો કે ગ્રામોફોન ઉપરથી ધ્યાનથી ગીતો સાંભળીને એ ડાયરીમાં ઉતારતા. જે ગીતમાં ઉર્દુ શબ્દ કે કોઈ અઘરો હિન્દી શબ્દ આવે અને એમને એ ન સમજાય ત્યારે કોઈ જાણકારને એ શબ્દનો અર્થ પૂછતા રહેતા. બાર વર્ષ સુધી ચાલેલા એમના આ ઉપક્રમમાં ૪૦૦૦ જેટલા હસ્તલિખીત હિન્દી ગીતોનો સંગ્રહ એમણે તૈયાર કરી દીધો હતો.

આ શોખના કારણે એમની ઉર્દુ અને હિન્દી ભાષાની સમજ વધુ પાકટ થતી ગઈ. સાથો સાથ ગીતો અને તેને સંલગ્ન માહિતી એમને કંઠસ્થ થવા લાગી. ખાસ કરીને ૧૯૪૫થી ૧૯૮૫ સુધીના ચાર દાયકામાં આવેલા હિન્દી ફિલ્મી ગીતોની કાવ્યાત્મક સર્જનશીલતા હર્ષભાઈએ સુપેરે તારવી છે. સ્વરસેતુ મેગેઝીનમાં એમણે હિન્દી ફિલ્મી ગીતોમાં કાવ્યતત્વ વિષય ઉપર ૪૬ જેટલા લેખો લખ્યા. પછી આ લેખો સંકલીત કરીને 'એક અભિન્ન અનુબંધ'માં ઉઘાડ પામ્યાં. પુસ્તક એટલુ તો લોકપ્રિય બન્યું કે આ એની ચોથી આવૃત્તિ છે.



આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

ચિત્રપટ જે તે સમયના સમાજ જીવનનો આયનો છે. ફિલ્મોના પ્રસંગો, ગીતોનો માનવજીવન સાથે ગહેરો નાતો હોય છે. પારિવારિક સંબંધો, મિત્રતા, દુશ્મની, તહેવાર, ખેલકૂદ, યુવાની, પ્રેમ, બાળપણ, જવાની, પ્રવાસ, મોસમ જીવનના તમામ પાસાઓ માટે ફિલ્મી ગીતો બન્યા છે. એવા કેટલાય ફિલ્મી ગીત-ગઝલ છે કે, જેના શબ્દો અને અર્થ મંત્રમુગ્ધ કરી નાખે છે. ફિલ્મી ગીતો સાથે વ્યક્તિનો જાણે અજાણે હંમેશા અજીબ નાતો રહ્યો છે. આ સંબંધને હર્ષભાઈના 'એક અભિન્ન અનુબંધ'હ્ન પુસ્તક સ્વરૂપે માણવાનો મોકો મળે છે.

નિદાફાજલી, સાહિર લુધિયાનવી, શકીલ બદાયુની, કૈફી આઝમી, ગુલઝાર, આનંદબક્ષી જેવા ખાં સાહેબોના સર્જનને હર્ષભાઈએ રસગુલ્લાની જેમ ગળે ઉતરી જાય એવી સરળ ભાષામાં મૂકવાનું સુંદર કામ કર્યું છે. એકવાર આ પુસ્તક હાથમાં પકડીને 'જિન્હે નાઝ હૈ હિન્દ પર વો કહાં હૈ ? સાહિરની નઝમના પ્રથમ પ્રકરણથી વાંચવાની જે શરૂઆત કરે પછી 'ઈસ હુસ્ને મુજસ્સિમ કી કહીં નિંદ ન તૂટે' સુધીના છેલ્લા પ્રકરણ સુધી એની નજર પુસ્તક ઉપરથી હટાવી શકે નહીં એવી પ્રવાહીતા આ પુસ્તકની તાકાત છે.

હર્ષભાઈ સરકારમાં દાયકાઓ સુધી રહ્યાં પણ એમણે એમનામાં રહેલા અસરકારક સર્જકને ક્યારેય અમલદારીના આચળામાં સંતાવા નથી દીધો. જીવનના સાડા છ દાયકાની દડમજલમાં અને હજુ આજે પણ સર્જનનો નિજાનંદ માણતા હર્ષભાઈનો ભાવક પરિવાર સતત વિસ્તરતો રહ્યો છે. સામાજિક પ્રતિબદ્ધતા સાથે 'સદા સર્વદા કવિતા'હ્નના મંચ દ્વારા સાહિત્યિક શમા બાંધી સાહિત્યિક સંસ્કાર વારસો આગળ ધપાવવાની ધુણી એમણે ધખાવી છે. ઘણા નવા તેજસ્વી કવિઓ અને ગઝલકારોના એ પથદર્શક છે. એમની ગઝલમાં સાદગી અને અનુભૂતિનો અદભુત સમન્વય જોવા મળે છે. સમજાય અને હૃદયમાં અનુભવાય એવા શબ્દોનું સ્વામીત્વ હર્ષભાઈ પાસે છે.

નવભારત પબ્લિકેશન, અમદાવાદ દ્વારા પ્રકાશિત 'એક અભિન્ન અનુબંધ'હ્ન તમામ જાણીતા બુકસ્ટોલ ઉપરથી પ્રાપ્ય છે. એ વસાવીને હૃદયની ભાવનાઓ સાથે સંબંધ બાંધવા જેવો છે. હિન્દી ફિલ્મોના એનસાઈક્લોપીડીયા જેવા મિત્ર લેખક, વિચારક, ચિંતક જય વસાવડાને 'એક અભિન્ન અનુબંધ' અર્પણ કરીને હર્ષભાઈએ યથાર્થ ઉપક્રમ સર્જ્યો છે. એમની એક લોકપ્રિય ગઝલની બે લાઈનોમાં જીવનની અદભુત ફિલોસોફી સાથે 'એક અભિન્ન અનુબંધ'ને સાઈન આઉટ કરીએ. 'જે ગમી એ ક્ષણે જીવી નાખ્યું, યુદ્ધના ધોરણે જીવી નાખ્યું, અંતે આ પ્રશ્ન પ્રાણપ્રશ્ન બન્યો, મેં કયા કારણે જીવી નાખ્યું ?...'

**ધબકાર :**

**'જે ગઝલ અનુભવોમાં જીવાયેલી નથી હોતી એ હૃદય સુધી નથી પહોંચતી, પછી એ શબ્દો ગઝલ નહીં ઉપદેશ બની જાય છે**

**- હર્ષ બ્રહ્મભટ્ટ**